ગાંધીનગર સમાચાર

તા. ૭-૧-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### રામદેવ હવે, સીધા રાજકારણમાં આવી રહ્યા છે

કોઇ ભાગ્યે જ માનવા તૈયાર થાય કે આત્મવિશ્વાસથી છલોછલ રાષ્ટ્રીય નેતા એના રાજકીય ઉદ્દેશ પૂર્ણ કરવા બાબા રામદેવ જેવા એક સાધારણ આર્યસમાજી સાધુનું શરણું સ્વીકારે. પરંતુ આખી દુનિયાએ એવું એક દૃશ્ય તા. ૫ જાન્યુઆરી, ૨૦૧૪ની સાંજે નજરોનજર નિહાળ્યું. નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને અરૂણ જેટલીની ઉપસ્થિતિમાં બાબા રામદેવનું શરણું સ્વીકારતા હોય એવો સંદેશ પહોંચાડવામાં રામદેવને ધારી સફળતા સાંપડી છે. ભાજપ ફરી એક વાર હિંદુત્વનો ભગવો ધ્વજ લઇને રામદેવના નેતૃત્વમાં દિગ્વિજય કરવા નીકળ્યો છે. રામદેવ શરૂઆતમાં તો પોતાનો આગવો રાજકીય પક્ષ બનાવવાની મંશા ધરાવતા હતા. એમને સંઘ અને વિશ્વ હિંદુ પરિષદના વગદાર માણસોએ સમયસર આ મુદ્દે આગળ વધતા રોક્યા : એમ કરશો તો હિંદુ મતોનું વિભાજન થશે અને તમારા ઉમેદવારો જીતી તો નહીં જ શકે, ઉલટાના એ ભાજપના ઉમેદવારને હરાવવામાં મદદરૂપ થશે. રામદેવ સામે સ્થાનિક કક્ષાએ અનેક જાતની તપાસો ચાલુ છે. એમના ગુરૂ ગુમ થયા છે કે કરાયા છે, એ વિશે વર્ષોથી શંકા-કુશંકા સેવાતી રહી છે છતાં એ રહસ્ય ઉકેલાયું નથી. પતંજલિ યોગપીઠનાં ઉત્પાદનોની ગુણવત્તા બાબતે અને અબજોની સંપત્તિના મુદ્દે તેમજ રામદેવના જમણા હાથ સમા શ્વેત વસ્ત્રધારી વૈદરાજ બાલકૃષ્ણના પ્રમાણપત્ર વિશે અનેક પ્રશ્નો પ્રવર્તે છે. પરંતુ બાબા રામદેવ પાસે એમના યોગશિબિરો દ્વારા મળેલો બહોળો અનુયાયી સમુદાય છે, તદુપરાંત વેદપ્રતાપ વૈદિક જેવા કેટલાક બુદ્ધિજીવીઓનું એમને સમર્થન છે. રામદેવના અનશન છોડાવવા શ્રીશ્રી રવિશંકર અને મોરારિબાપુ તથા સ્વામી સત્ય મિત્રાનંદ જેવા પ્રતિષ્ઠિત સાધુસંતો હરદ્વાર દોડી ગયા હતા. રામદેવ કોંગ્રેસ વિરૂદ્ધ અને એની નેતાગીરી વિરૂદ્ધ ઝેર ઓકતા રહ્યા છે. એક સાધુના મોંમાં ન શોભે એવી હલકી ભાષાનો ઉપયોગ કરતા હોઇએ એ સમજદાર નાગરિકને ક્યારેય શાલીન નથી લાગ્યા. છેલ્લા ઘણા સમયથી એમણે નરેન્દ્ર મોદી માટે પ્રચાર ઝુંબેશ શરૂ કરી છે. રામદેવ થોડા નાટકિયા પણ છે, ભાજપને ટેકો આપવા માટે એમણે પક્ષ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરે એવી ખાસ પૂર્વશરત મુકી હતી. ભાજપના બીજા નેતાઓ એમને ભાજીમૂળા જેવા જ લાગતા રહ્યા છે. અડવાણી અને સુષમા સ્વરાજ આજે પણ એમના મંચ પર બેસવા તૈયાર નથી. રામદેવને ભાજપના આ બે વરિષ્ઠ નેતાઓ નરેન્દ્ર મોદીના અંગત પ્રવક્તા ગણતા હોય તો એમાં નવાઇ પામવા જેવું નથી. રામદેવ સામે કરવેરા બાબતની વિવિધ તપાસો ચાલી રહી છે. અનેક શંકાકુશંકાઓ વચ્ચે ઘેરાયેલા રામદેવ નરેન્દ્ર મોદીને સત્તા પર બેસાડી પોતે જાણે અભિનવ 'ચાણક્ય' હોય એવો દેખાવ કરવા માગે છે. નહેરૂ-ગાંધી પરિવાર તરફ એ ઊંડા પૂર્વગ્રહો ધરાવે છે. આથી એ સોનિયા અને રાહુલ વિશે ગમે તેમ એલફેલ ભાષા વાપરતા રહ્યા છે. કોંગ્રેસના નેતાઓએ એમને 'સિરિયસલી' લેવાનું બંધ કર્યું છે, દિગ્વિજયસિંહ તો રામદેવને 'મહા ઠગ' ગણાવે છે. આજ સુધી સોનિયા કે રાહુલે રામદેવ વિશે હરફ પણ ઉચ્ચાર્યો નથી. જો કે મોદીરાજ આવશે તો રામદેવને 'ભારતરત્ન'ની નવાજેશ થશે એમાં મીનમેખ નહીં! તેઓ વિદેશોની બેંકોમાં છુપાવાયેલું દેશનું કાળું નાણું પરત લાવવા માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે. એ મુદ્દે મોદી વચન આપે તો જ પોતે એમને સમર્થન આપશે એવું નિવેદન પણ યોગપીઠના સ્થાપના દિવસની ઉજવણીની પૂર્વસંધ્યાએ એમણે કર્યું હતું. એથીય મોટું અને વાહિયાત વિધાન તો એમણે દેશમાંથી બધા જ કરવેરા રદ કરવા વિશે કર્યું, મોદી પાસેથી એ મુદ્દે પણ આગોતરું વચન માગી લીધું જે સંદર્ભે મોદીએ બાબા રામદેવજીની અપેક્ષાઓ મુજબ ટેક્સ નીતિ અને કરવેરાનું માળખું બદલી નાખવાની તૈયાર પણ દર્શાવી દીધી.




ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં શૈક્ષણિક ચિંતન શિબિર

શાળા વિદ્યાર્થીઓ માટે શું આયોજન કરી રહી છે? વાલીઓએ શું કરવું, શું ના કરવું? વિદ્યાર્થીઓએ હવે પછીના પરીક્ષા સુધીના દિવસોમાં કેવું આયોજન કરવું? પરીક્ષાની પધ્ધતિ, પેપર કેવી રીતે લખવા, ટાઈમ મેનેજમેન્ટ કેવી રીતે કરવું? વિદ્યાર્થીઓ અને વાલીઓને મુંઝવતા આવા અનેક સવાલોના માહિતિસભર માર્ગદર્શન માટે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં દર શનિવારે યોજાતી ચિંતન શિબિરમાં આચાર્ય પ્રદીપ ગગલાણી અને વિષય નિષ્ણાત શિક્ષકોએ વાલીઓની મુંઝવણના ઉકેલ બતાવ્યા હતા. આ ઉપરાંત ધો-૧૨ પછી શું? જેઈઈ વગેરે અંગે પણ વિશદ્ ચર્ચા કરવામાં આવી હતી.

## એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજના યજમાન પદે ગુજરાત યુનિવર્સિટી એન.એસ.એસ. તાલીમ શિબિર યોજાઈ

### દંતાલી ખાતે યોજાયેલ શિબિરમાં ૧૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૬

એમ.બી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે ગુજરાત યુનિવર્સિટી નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન દંતાલી શિવાશ્રમ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અમદાવાદની અનેક કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. ૨૫ થી ૨૭ ડિસેમ્બર દરમ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૧૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. જીતુભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેમની સાથે ડૉ. હિરાભાઈ સોલંકી, સંસ્થાના આચાર્ય ડૉ. યોગેશભાઈ રાજગોર ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી બને તે હેતુથી શરૂઆતમાં પ્રશ્નાવલીની સ્પર્ધા રાખવામાં આવી હતી. તેમજ સાંસ્કૃતિ કાર્યક્રમો, વ્યસનમુક્તિ અને દહેજપ્રથા વિષય પર નાટકો રજૂ કરવામાં આવ્યા હતા.

આજનું યુવાધન એઈડ્સ જેવી બિમારીમાં સપડાઈ ન જાય તેથી એઈડ્સ જાગૃતિ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને ચેપી રોગથી વાકેફ કરવામાં આવ્યા હતા.

શિબિર અંતર્ગત વિદ્યાર્થીઓએ સુપ્રસિદ્ધ અડાલજ વાવની મુલાકાત લઈ વાવ ખાતે સફાઈ કરી હતી. વિદ્યાર્થીઓની મનથી અને તનથી શ્રેષ્ઠ બને તે હેતુસર અંતિમ દિવસે યોગ-પ્રાણાયમ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના યુવા અધિકારી કમલકુમાર, રામુભાઈ સિંઘવ, પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભગીરથી ભટ્ટ, અશોકભાઈએ પોતાનું યોગદાન આપ્યું હતું.




## ઓપન ચેસ ટૂર્નામેન્ટ યોજાશે

ઓપન ગુજરાત ચેસ ટૂર્નામેન્ટનું આયોજન તા. ૧૨ જાન્યુઆરીના રોજ જૂના સચિવાલય કેન્ટિન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. ટૂર્નામેન્ટમાં અંડર-૧૬, અને સિનિયર ખેલાડીઓ ભાગ લઈ શકશે. ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ પી.એમ. ઝાલા-૯૯૦૪૪૧૭૮૨૭, હર્ષદભાઈ કાપડિયા-૯૬૩૮૧૫૨૦૬૯ તેમજ જયેશ જાદવ-૯૪૨૭૦૫૬૫૫૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.



બલરામ મંદિર પરિષદ ખાતે તા. ૫ થી ૮ જાન્યુઆરી સુધી નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા 'રાષ્ટ્રીય એકતા' શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જમ્મુ-કાશ્મીર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, ગોવા, કર્ણાટક, દીવ, ગુજરાતમાંથી કુલ ૨૫૦ જેટલા યુવાઓ આવ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સાયન્સમાં રિપિટર વિદ્યાર્થી ૨૨મી સુધી ફોર્મ ભરી શકશે

અમદાવાદ, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૪માં વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ અને ૪ની પરીક્ષા લેવાની છે. આ પરીક્ષામાં નિયમીત વિદ્યાર્થીઓની સાથે માર્ચ-૨૦૧૩ની પરીક્ષામાં ગેરહાજર રહેલા અથવા જુલાઈ ૨૦૧૩ની પુરક પરીક્ષા ન આપી હોય તેવા વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. આવા વિદ્યાર્થીઓ પતાના ડોક્યુમેન્ટ અને નિયત ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ તારીખ ૨૨ જાન્યુ. ૨૦૧૪ના રોજ સવારના ૧૧ થી ૫ કલાક દરમ્યાન જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ જમા કરાવી શકશે. નિયત પરીક્ષા ફીના રાષ્ટ્રીયકૃત બેંકોના નિયત ડ્રાફ્ટની સાથે પરીક્ષાનું ફોર્મ ભરીને શાળાનો ફોરવર્ડીંગ પત્ર સાથે જમા કરાવવાનું રહેશે. આ ઉપરાંત જરૂર પ્રમાણપત્રો વિદ્યાર્થીઓએ રજુ કરવાના રહેશે. વિદ્યાર્થીઓ પરીક્ષા ફોર્મનો નમુનો બોર્ડની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે આ તમામ દસ્તાવેજો સાથે વિદ્યાર્થીઓ ૨૨મી જાન્યુઆરીએ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ જઈને રૂબરૂ ફોર્મ જમા કરાવવાનું રહેશે.

## ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજ ખાતે બેટી બચાવો અને બાર્બી ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ ખાતે 'બેટી બચાવો' દિવસ અને 'બાર્બી ડે' ઉજવવામાં આવ્યો હતો.

ચૌધરી કોલેજ સે. ૭ વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે અનેક પ્રવૃત્તિઓ કરતા હોય છે. જેમાં તા. ૬ સોમવારના રોજ કોલેજના વિદ્યાર્થીઓએ બાર્બી ડે અને બેટી બચાવો ડે નું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ડે ને લગતા ગણવેશ પહેરી પોતાના ભૂતકાળને વાગોળ્યો હતો અને આનંદ માણ્યો હતો.

શિક્ષણની સાથે વિદ્યાર્થીઓનો વિકાસ થાય તે માટે ડાયરેક્ટર પ્રશાંત વાઘેલા દ્વારા આવા કાર્યક્રમો યોજીને ઉગતા છોડને પાણી સિંચવાનું કામ કરે છે. ત્યારે સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ખુશ્બુ મિસ્ત્રીને બેસ્ટ બાર્બી વિજેતા જાહેર કરવામાં આવી હતી.

## ગ્રંથ પરિચય સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સે-૨૩ ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ વિવિધ સાહિત્યકારોની સાહિત્યિક કૃતિઓથી પરિચિત થાય તે હેતુથી તા. ૬-૧-૧૪ના રોજ ગ્રંથ પરિચય વિષય પર વકતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિવિધ શાળા-કોલેજોમાંથી વિદ્યાર્થી અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈને સત્યના પ્રયોગો, ભગવદ ગીતા, મનનો માળો, જીત તમારી, શિક્ષાપત્રી, વગેરે વિવિધ ગ્રંથો ઉપર વકતવ્ય રજૂ કર્યું હતું. જેમાં પ્રથમ સ્થાને એસ.એ. પટેલ બી.એડ. કોલેજના મહેતા નિકુંજ, દ્વિતીય સ્થાને શેઠ સી.એમ. હાઈસ્કૂલના હિરેન વાઘેલા તેમજ બી.બી.એ. કોલેજના સોલંકી કિરીટભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નિર્ણાયક તરીકે ડૉ. ધ્વનિલ પારેખ તેમજ ડૉ. પ્રણવ જોશીપુરા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલે હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરીવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

## સમાજમાં કેટલાક લોકો ધનની ખેતી કરતા હોય છે તો કેટલાક પદ અને પ્રતિષ્ઠાની... પણ સૌથી અઘરી ખેતી 'મનુષ્ય' ની છે, કારણ કે એનામાં તર્કશક્તિ ઘણી છે... શ્રદ્ધાનું બળ ઓછું!

### મનુષ્યની ખેતી

- હર્ષદ પ્ર. શાહ

એક સરસ પ્રસંગથી આપણી વાત શરૂ કરીએ :

સંન્યસ્ત પછી મહાવીર સ્વામી વિહાર કરતા હતા. એક ખેડૂત તડકામાં ક્યારીઓને પાણી પાતો હતો. મહાવીર તેના ખેતરમાં વડને ઓટલે આવીને બેઠા. ખેડૂત થાક્યો હતો. એ પણ વડને છાંયડે આવ્યો. એણે મનમાં વિચાર્યું, આ સાધુ-મહાત્મા ભિક્ષુક જેવા દેખાય છે. હમણાં એ કંઇક યાચના કરશે. એટલે ખેડૂતે બોલવાની પહેલ કરી, "તમે આવા હટ્ટાકટ્ટા છો છતાં સમાજનો બોજ થઇને ફરો છો! કંઇક ખેતી, મજૂરી મહેનત કરતા હો તો!"

મહાવીર સ્વામીએ સ્મિત સાથે કહ્યું, "ભાઇ! હું પણ ખેતી જ કરૂં છું."

ખેડૂતે કટાક્ષમાં પુછ્યું, "એમ! હમણાં શું વાવ્યું છે? ખેતી ક્યાં કરો છો?"

મહાવીર કહે, "લોકોનાં અંતઃકરણ એ મારૂં ખેતર છે. વિવેક મારૂં હળ છે. સંયમ અને વૈરાગ્ય એ બે મારા બળદ છે. હું પ્રેમ અને કરૂણાનાં બીજ વાવું છું ને પ્રાયશ્ચિત્ત રૂપી પાણીનું સિંચન કરી શાંતી, સુખ ને પરમ આનંદનો પરિપાક મેળવું છું."

ખેડૂત સમજુ હતો. એણે મહાવીરને વંદન કરી ક્ષમા માંગી.

આ ઘટના એટલા માટે લખવાનું મન થયું કે સમાજમાં મહાવીર જેવા ઘણાએ 'મનુષ્ય'ની ખેતી કરવાની જરૂર છે. સમાજમાં કેટલાક લોકો ધનની ખેતી કરતા હોય છે તો કેટલાક પદ અને પ્રતિષ્ઠાની... પણ સૌથી અઘરી ખેતી 'મનુષ્ય' ની છે. કારણ કે એનામાં તર્કશક્તિ ઘણી છે... શ્રદ્ધાનું બળ ઓછું!

વિનોબા ભાવેએ બહુ સૂચક વાત કરી છે, "શ્રદ્ધાવાન મનુષ્યને બુદ્ધિનો યોગ ભગવાન સ્વયં કરાવી દે છે."

ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં કહ્યું છે, "શ્રદ્ધાવાન્લભતે જ્ઞાનં"

... પણ, આ આધુનિક શિક્ષણપદ્ધતિનું પરિણામ છે... ટેકનોલોજી સાથે એ હવે મનુષ્ય જોડાયો છે કે એ તર્ક, બુદ્ધિ અને વિજ્ઞાનની કસોટીએ જ બધું વિચારે છે. નરી નાંખે... બહુ બહુ તો સૂક્ષ્મદર્શક યંત્રની આંખે દેખાય તેટલું સાચું, બીજું ખોટું. આને કારણે આસ્થા અને શ્રદ્ધા ઘટી. અધ્યાત્મ પ્રત્યેનો અનુરાગ ઘટ્યો... અને પરિણામે ભૌતિકવાદ વકર્યો. પ્રકૃતિમાં ડગલે ને પગલે એને વિજ્ઞાન દેખાય છે, પણ પરમાત્મા દેખાતો નથી. પરિણામે એ પરમાત્માને ઓળખી શકતો નથી ને પોતાનો સર્વશક્તિમાન માનવા પ્રેરાય છે.

ભારતીય સંસ્કૃતિનો પ્રાણ અધ્યાત્મ છે. નાનપણથી જ બાળકને અધ્યાત્મ - તત્ત્વની સાથે કેવી રીતે જોડવો તે આધુનિક માતા-પિતા સમજી નથી શકતા. તેથી એનો ભાવનાત્મક વિકાસ જે ઉંમરમાં કરવો જોઇએ તે ઉંમરમાં એનો શૈક્ષણિક વિકાસ કરવા મથે છે. એના ચરિત્રની ગૂંથણી જે ઉંમરમાં કરવાની હોય તે ઉંમરનાં વર્ષો એના, ટ્યૂશનમાં ખોવાઇ જાય છે. જે ઉંમરમાં બાળકની જિજ્ઞાસા જગાડવાનું અને શમાવવાનું પુણ્યકાર્ય કરવાનું હોય તે ઉંમરમાં વર્ષો એનાં, ટ્યૂશનમાં ખોવાઇ જાય છે. જે ઉંમરમાં બાળકની જિજ્ઞાસા જગાડવાનું અને શમાવવાનું પુણ્યકાર્ય કરવાનું હોય તે ઉંમર પરીક્ષાનાં પ્રશ્નપત્રો લખવામાં - લખાવવામાં ખર્ચાઇ જાય છે.

કિશોરલાલ મશરૂવાળા કહે છે, "જિજ્ઞાસાની જાગૃતિનો સંસ્કાર એ જ્ઞાનનું બીજ છે." આવું વાક્ય વર્તમાન યુગની માતા સાંભળે તો એ કહે... એટલે વધી શું?! આવું વાક્ય જ સમજવામાં મુશ્કેલી પડે, પછી એ જિજ્ઞાસા જગાડે શી રીતે? અને શમાવે પણ શી રીતે?

મનોજ ખંડેરીયાનું એક સુંદર મુક્તક છે,

"વર્ષોથી હૈયું ઝંખતું અજવાળું મૌનનું,
ઘેરી વળ્યો છે આંખને અંધકાર શબ્દોનો!"

આ મુક્તક વાંચી મને નવું મુક્તક બનાવવાનું મન થયું -

"વર્ષોથી હૈયું ઝંખતું થનગનાટ શૈશવનો,
ઘેરી વળ્યો છે શિશુને કકળાટ ટ્યૂશનનો!"

અને તેથી જ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ ભેખ ધારણ કર્યો છે "શ્રેષ્ઠ મનુષ્ય"ના નિર્માણનો. હા... અમારૂં કામ પણ 'મનુષ્ય'ની ખેતીનું જ છે. ગુજરાતનું પ્રત્યેક ઘર અમારૂં ખેતર છે. સંશોધન અમારૂં ફળ છે. શિક્ષણ અને પ્રશિક્ષણ અમારાં ખાતર-પાણી છે. અમે માનવતા અને રાષ્ટ્રભક્તિનાં બીજ વાવીએ છીએ... અને 'વિસ્તરણ'ના કાર્ય દ્વારા સમાજમાં અત્ર-તત્ર-સર્વત્ર ફરીને જાગૃતિનો પરિપાક લણીએ છીએ.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ ભેખ ધારણ કર્યો છે "શ્રેષ્ઠ મનુષ્ય"ના નિર્માણનો, હા... અમારૂં કામ પણ 'મનુષ્ય'ની ખેતીનું જ છે, ગુજરાતનું પ્રત્યેક ઘર અમારૂં ખેતર છે, સંશોધન અમારૂં ફળ છે, શિક્ષણ અને પ્રશિક્ષણ અમારાં ખાતર-પાણી છે, અમે માનવતા અને રાષ્ટ્રભક્તિનાં બીજ વાવીએ છીએ... અને 'વિસ્તરણ'ના કાર્ય દ્વારા સમાજમાં અત્ર-તત્ર-સર્વત્ર ફરીને જાગૃતિનો પરિપાક લણીએ છીએ